ગાંધીનગર સમાચાર

**નવા સેકટરોમાં આંતરિક માર્ગોના સુધારણાની દરખાસ્ત એક વર્ષથી અટવાઇ**

## ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રમાં

# ૧૬૨ સભ્યોએ સરેરાશ ૪૫ મિનિટ ચર્ચામાં ભાગ લીધો

### ૧૮૦ પ્રશ્નોની મૌખિક ચર્ચા થઈ; ૧૯૩૮ પ્રશ્નોના જવાબો ગૃહમાં રજુ થયા

ગાંધીનગર, તા. ૩

ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્ર દરમ્યાન ૧૬૨ સભ્યોએ સરેરાશ ૪૫ મિનિટ જેટલો સમય સક્રિયતાથી ચર્ચામાં ભાગ લીધો હતો.

વિધાનસભા ગૃહમાં એમ.બી. શાહ કમિશન સહિત બોર્ડ-કોર્પોરેશનના કુલ ૯૯ અહેવાલો તથા ૨૦૧૫-૧૬ વર્ષના સી.એ.જી.ના તેમજ ૨૦૧૨-૧૩ના વર્ષનો સ્થાનિક ભંડોળ હિસાબ ગૃહમાં મેજ પર મુકવામાં આવ્યા હતા. આ ઉપરાંત કુલ ૨૬ સરકારી અધિસૂચનાઓ ગૃહના મેજ પર મુકવામાં આવી હતી.

આ સત્ર દરમ્યાન રાજયભરમાંથી ૧,૧૨,૧૪૩ વ્યક્તીઓએ ગૃહની કાર્યવાહી નિહાળી હતી. અંદાજપત્ર સત્ર દરમિયાન વિધાનસભાની કુલ ૩૦ બેઠકો મળી હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૨૨ કલાક ૦૧ મિનિટ કામ કર્યુ હતુ. સત્ર દરમિયાન કુલ ૧૬૨ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો હતો. સત્ર દરમ્યાન કુલ ૧૦ સ્વર્ગસ્થ મહાનુભાવોના અવસાન અંગે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખો કરવામાં આવ્યા હતા.

સત્ર દરમિયાન તા. ૨૧-૨-૨૦૧૭ના રોજ નાણાકીય સન-૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટેનું રૂ. ૧૭,૨૧,૭૯,૨૪,૦૦,૦૦૦નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. તથા સન ૨૦૧૬-૧૭ના વર્ષનું રૂ. ૮૪,૯૯,૧૨,૩૮,૦૦૦નું ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું હતું.

સત્ર દરમિયાન મૌખિક જવાબો માટેના કુલ-૫૨૬૩ પ્રશ્નોના જવાબો ગૃહમાં રજૂ થયા હતા તે પૈકી કુલ-૧૮૦ પ્રશ્નો પર ગૃહમાં મૌખિક ચર્ચા થઈ હતી. આ ઉપરાંત લેખિત જવાબો માટેના કુલ ૧૯૩૮ પ્રશ્નોના જવાબો ગૃહમાં રજૂ થયા છે. સત્ર દરમિયાન કુલ ૨૪ સરકારી વિધેયકો ગૃહે પસાર કર્યા હતા અને ૭ બિન સરકારી વિધેયકો પર ગૃહમાં ચર્ચા થઈ હતી, જ્યારે ૫ બિન સરકારી સંકલ્પો સભાગૃહમાં ચર્ચાયા હતા તે પૈકી

● અનુસંધાન પાન-૭ પર



તાપમાં તપ - ચૈત્ર નવરાત્રિના પાવન પર્વોમાં માતાજીની આરાધનાનો મહિમા મોટો છે... આસોની નવરાત્રિ જેટલો જ મહત્વ ધરાવતી ચૈત્રી નવરાત્રિમાં ભાવિકો ઉગ્ર તપશ્ચર્યા કરે છે... આકરી ગરમીમાં પણ માતાજીની માનતા-બાધા પુરી કરવા ચાલતા માતાજીના મંદિરે જાય છે... શહેરના રાજમાર્ગ પર આજે ભરબપોરે માતાજીના રથ સાથે ભાવિકો પદયાત્રા સંઘ દ્વારા માતાજીના જયઘોષ સાથે માતાજીના દ્વારે જઈ રહ્યા છે...

# રાજયમાં સેવાસેતુ કાર્યક્રમ ભાગ-૨નો ૭મીથી આરંભ

ગાંધીનગર, તા. ૩

રાજય સરકારે ૭મી એપ્રિલથી સેવાસેતુ ભાગ-૨ કાર્યક્રમ અમલી બનાવવાનો મહત્વનો નિર્ણય કરી અને તે માટે જિલ્લાના અધિકારીઓને જરૂરી આયોજન સાથે આગળ વધવા માટેની સૂચનાઓ પણ જારી કરી દીધી છે.

આ સેવાસેતુ યોજનામાં વ્યક્તીલક્ષી યોજનાઓ ઉપરાંત જનધન યોજના માટે બેંકોને સામેલ કરવા સહિતની વિવિધ સૂચનાઓ આપવામાં આવી છે.

કલસ્ટરમાં એકવાર જ્યાં આ કાર્યક્રમ થઈ ગયો તે કલસ્ટરના બીજા ગામમાં આવો કાર્યક્રમ કરવાનો રહેશે એટલુ જ નહિ પ્રાંત અધિકારી સહિત ૧૩ જેટલા અધિકારીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપવાની રહેશે તેવી સૂચનાઓ પણ આપવામાં આવી છે. રાજયમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ચાર્જ સંભાળ્યો તે પછી સેવાસેતુ અને પ્રગતિસેતુ જેવા બે મહત્વના કાર્યક્રમો આપ્યા હતા. સેવાસેતુ કાર્યક્રમને જે રીતે પ્રતિસાદ મળ્યો તેને લઈ સરકારે તેનો બીજો તબક્કો આગામી ૭મી એપ્રિલથી શરૂ કરવાનો નિર્ણય કરેલ છે.

વ્યક્તીલક્ષી યોજનાઓનો વ્યાપ વિસ્તાર્યો છે. આ ઉપરાંત આ માટે દર શુક્રવાર અને શનિવારે જ આ કાર્યક્રમોનું આયોજન કરવા માટેની તાકીદ પણ સરકારે કરી છે. આ ઉપરાંત આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ માટે પણ વિશેષ ચકાસણી સાથે કેમ્પના સ્થળે અલાયદી વ્યવસ્થા કરવા માટે પણ જણાવાયુ છે.

## મનપાની એડવાન્સ ટેક્ષ યોજનામાં

# ડીજીટલ પેમેન્ટ કરનારાઓને ૧૦+૨ ટકા વળતર અટવાયુ

### આજથી એડવાન્સ ટેક્ષ વળતર યોજનાનો આરંભ થયો : પ્રથમ દિવસે ૬.૫૦ લાખ રૂ.ની આવક થઈ

ગાંધીનગર, તા. ૩

ગુજરાતીઓ આરંભે શુરા જેવો ઘાટ ગાંધીનગરના મિલ્કતધારકોનો થયો છે. ડિઝીટલ પેમેન્ટ એડવાન્સમાં કરે તેને ૧૦ ટકા વળતર ઉપરાંત બે ટકા વળતર ડિઝીટલ પેમેન્ટથી આપવાની વાત હતી પરંતુ તંત્રએ અખબારોમાં કરેલી જાહેરાતમાં આ વાતનો અધ્યાહાર રાખતાં લોકો દ્વિધામાં મુકાયા છે.

મનપાએ તેના બજેટમાં ડિઝીટલ પેમેન્ટ કરનારને બે ટકા વિશેષ વળતર આપવાની જાહેરાત કરી હતી. આજથી એડવાન્સ વેરા ભરવાની યોજના ચાલુ થઈ છે. જેમાં ૧૦ ટકા જ રિબેટ આપવામાં આવે છે. મનપાએ મોટી મોટી વાતો બજેટ પહેલાં અને નોટબંધીના નિર્ણય વખતે કરી હતી પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ નિકળતાં લોકોમાં આ મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે.

મનપાએ આ વખતે મનપાની કચેરી ઉપરાંત સે. ૨૨માં પણ વેરાવસુલી માટેની સુવિધા ઉભી કરી છે તેમજ લાયબ્રેરીવાન જે દરેક સેક્ટરમાં તેના નિયત સમયે જાય છે ત્યારે તેમાં પણ વેરો ભરી શકાશે તેવો નિર્ણય કર્યો હોવાના સંકેતો મનપાના સૂત્રોમાંથી મળી રહ્યા છે. આ ઉપરાંત એક ખાનગી બેંકમાં પણ વેરા સ્વીકારવામાં આવશે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રના અધિકારીઓ આજે સફળ જરૂર રહ્યા છે.

જો કે ૧૨ ટકા વળતર એડવાન્સ ડીજીટલ પેમેન્ટ કરનારને મળશે કે કેમ ? તે અંગે મૌન સેવવાનું તંત્રએ મુનાસિબ માન્યુ છે.

બીજી તરફ એવા પણ સંકેત મળી રહ્યા છે કે ચૂંટણીનું વર્ષ હોઈ ડીજીટલ પેમેન્ટ ૨ ટકાથી વધારીને ૫ ટકા કરવાની હિલચાલ પણ હાથ

● અનુસંધાન પાન-૭ પર

# પાંડેએ સ્વેચ્છાએ મુક્ત થવા ઈચ્છા દર્શાવી હતી : પ્રદિપસિંહ

ગાંધીનગર, તા.૩

ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, રાજયના પોલીસ વડા પીપી પાંડેએ સ્વૈચ્છિક રીતે જવાબદારીમાંથી મુક્ત થવા જણાવતા રાજય સરકારે તેમના આ નિર્ણયની નામદાર સુપ્રિમ કોર્ટને જાણ કરવામાં આવી છે. ગૃહ રાજય મંત્રીએ ઉમેર્યું હતું કે, આગામી સમયમાં રાજયની વિધાનસભાના બજેટ સત્રની કામગીરી અને રાજયના યુવાનોને નશાબંધીમાંથી મુક્ત કરવામાં માટેનો સૌથી મહત્વનો નશાબંધી સુધારા અંગેના કાયદાને કેબીનેટ દ્વારા ઓર્ડીનન્સ મંજુર કર્યો હતો તેને પણ કાયદાનું સ્વરૂપ આપવા વિધાનસભા ગૃહમાં લાવવાનું હતું. સાથે સાથે સેફ એન્ડ સીક્યોર ગુજરાત સીસ્ટમનું અમલીકરણ પણ તેમના નેતૃત્વ હેઠળ અંતિમ તબક્કામાં હતું. તેમજ ૧૭ હજારથી વધુ પોલીસ કોન્સ્ટોબલની ભરતી પ્રક્રિયા પણ અંતિમ તબક્કામાં હતી આવી અનેક મહત્વની બાબતો સંદર્ભે ગુજરાત સરકારે પાન્ડેનું ૭ માસનું એક્ષટેન્શન માંગ્યું હતું, જેની સામે ઓલ ઈન્ડિયા સર્વીસ રૂલ્સ રૂલ્સના રૂલ ૧૬(૧) મુજબ કેન્દ્ર સરકારે પાંડેને ૩ માસનું એક્ષટેન્શન આપ્યું હતું. ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૩૭ વર્ષથી જેમણે નિષ્ઠાવાન અધિકારી તરીકે ફરજો બજાવી છે તેવા પીપી પાંડે સામે થયેલા આક્ષેપો તથ્ય વગરના અને પાયા વિહોણા છે. તેમની સામે કોર્ટમાં જે કેસ ચાલે છે તેમાં માત્ર ચાર્જશીટ જ થઈ છે. કોઈ ચાર્જ ફ્રેમ થયેલ નથી.

# શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોના સુધારણાની દરખાસ્ત એક વર્ષથી અટવાઈ

ગાંધીનગર તા ૩

નગરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોના કામની દરખાસ્ત સંદર્ભે હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. સેકટરોમાં આંતરિક માર્ગો મગરની પીઠ સમાન બન્યા છે. જયારે કેટલાક ઠેકાણે મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. આવા સંજોગોમાં સેકટરોમાં વખતોવખત ખોદકામગીરી હાથ ધરાતા માર્ગોની દશા બેઠી છે. ત્યારે નવા સેકટરોમાં માર્ગોનુ કામ ત્વરિત અસરથી હાથ ધરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ મુખ્યમાર્ગોને ચકાચક બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે માર્ગોની સુધારણા સાથે બ્યુટિફિકેશનની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. પરંતુ સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ પણ કાગળો વચ્ચે જ અટવાયેલુ પડયુ છે શહેરના નવા સેકટરોમાં ૫ વર્ષ અગાઉ માર્ગોના નવિનીકરણનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે છેલ્લા પાંચ વર્ષના અંતે માર્ગોની દશા ઉબડખાબડ બની છે. સેકટરોના આંતરિક માર્ગોની સુધારણા માટે સ્થાનિક રહીશો દ્વારા પણ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. આમછતા માર્ગોની દશા સુધારવા માટે ત્વરિત કામગીરી શરૂ કરવામાં આવી નથી. સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી ખોદકામ વધતા આ દરમિયાન પણ રસ્તાઓની દશા બેઠી છે. જયારે સ્થાનિક રહીશો દ્વારા આંતરિક

● અનુસંધાન પાન-૭ પર



ચૈતરની ગરમી - આકરા ઉનાળાના આરંભ સાથે અબોલ પશુ-પંખીઓ ભારે મુંઝવણ અનુભવે છે... પાણી માટે તલસે છે... જ્યાં અને જેવું પાણી મળે ત્યાં પહોંચે છે... કોઈ રહેણાંકના બગીચામાં મુકાયેલા પાણીને પીવા દૂર દૂરથી કબૂતરો આવી તરસ છીપાવે છે...

# જિલ્લામાં વરસોડા ગામની શાળા પ્રથમ સ્થાને જ્યારે શહેરની જે.એમ. ચૌધરી દ્વિતિય સ્થાને

### વરસોડા ગામની અનુપકુંવરબા માધ્યમિક શાળા પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ દ્વિતિય ક્રમે મગોડીની પી આર ઠક્કર શાળાને દ્વિતિય સ્થાન : ત્રણેય શાળાને એક એક લાખનુ ઇનામ એનાયત કરાયુ

ગાંધીનગર તા ૩

શિક્ષણનુ સ્તર સુધારવા અને શિક્ષણક્ષેત્રે પણ સ્પર્ધાત્મક અભિગમ મજબુત બને તે માટે શિક્ષણ વિભાગ દ્વારા શ્રેષ્ઠ શાળાની પસંદગી કરવામાં આવે છે. આ શાળાઓને તેમની ઉત્તમ શૈક્ષણિક કામગીરી માટે પ્રોત્સાહીત પણ કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ૨૦૫ જેટલી શાળાઓમાંથી ત્રણ શાળાઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં નગરમાં સે-૭ સ્થિત જે એમ ચૌધરી શાળાને દ્રિતિય સ્થાન મળ્યુ છે. જયારે વરસોડાની અનુપકુંવબા માધ્યમિક શાળાએ પ્રથમ સ્થાન મેળવ્યુ છે. આ ત્રણેય શાળાઓને એક એક લાખ રૂપિયાનુ ઈનામ એનાયત કરવામાં આવ્યુ હોવાનુ પણ જિલ્લા શિક્ષણાધિકારીએ જણાંવ્યુ હતુ.

રાજયમાં શિક્ષણનુ સ્તર સુધારવા માટે શિક્ષણ તંત્ર દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવે છે. બાર્ડની પરીક્ષામાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા અને પરિણામ સુધારણા માટે શિક્ષકોની પણ ટેસ્ટ લેવામાં આવે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને પણ વધારાના વર્ગો થકી માર્ગદર્શન આપવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં પણ ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓમાં પરિણામની સુધારણા માટે પ્રયાસો હાથ ધરાયા છે. જયારે બીજીતરફ ૮૦ ટકાથી વધુ પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણનુ સ્તર જળવાઈ રહે આ ઉપરાંત વધુ સારા

● અનુસંધાન પાન-૭ પર

# કરાઈ ખાતે હથિયારધારી પીએસઆઈની દિક્ષાંત પરેડ

### મુખ્યમંત્રી દ્વારા પાસીંગ આઉટ પરેડનું નિરીક્ષણ

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત પોલીસ સેવામાં જોડાયેલા નવપ્રશિક્ષિત અધિકારીઓને સામાન્ય નાગરિકની સેવા સુરક્ષા, નિર્બળને ન્યાય અને ગુનેગારોને નશ્યત કરી સત્યમેવ જયતે ના સેવામંત્ર સાથે ફરજપરસ્તી દાખવવા આહવાન કર્યું છે. મુખ્યમંત્રીએ ગુજરાત પોલીસ અકાદમી કરાઈમાં હથિયારી પોલીસ સબઈન્સ્પેકટર સંવર્ગના ૪૨૧ નવપ્રશિક્ષિત તાલીમાર્થીઓની તાલીમ પૂર્ણ થતાં તેમની શાનદાર દિક્ષાંત પરેડનું સલામી નિરીક્ષણ કર્યું હતું. વિજય રૂપાણીએ પોલીસ સેવામાં પદાપર્ણ કરવા થનગનતા આ જોમ જુસ્સાસભર યુવાધનને પોલીસ વર્દીની ઈજ્જત સન્માન જળવાય તથા આ તાલીમ દરમ્યાન મેળવેલી શિક્ષા દિક્ષા સમાજજીવનની સુરક્ષામાં

● અનુસંધાન પાન-૭ પર

**વેચવાના છે (તાત્કાલિક)**
(૧) પેટી પલંગ સાઈઝ ૭'X3' નંગ-૨ (એક જોડી)
(૨) ડેઝર્ટ એર કુલર નંગ-૧
મો. : ૯૯૦૯૯ ૨૪૪૦૫

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN® · ashirvad · BENELAVE™ · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com